## Day 4: Chhugo Chotho

# છૂગો ચોથો

આશાજી તેડા તમે આપજ મોકલ્યા, તેની કેને નહી કહું વાતજી,
હવે મોલ માંહે તમે બોલાવો તે બોલાવો તમારે પાસ–અલી અનત.૧

આશાજી મયા આણી તમે મોલે બોલાવ્યા, તેની મૌલાજીએ કીધી મેહેરજી,
વીમરસ તણા તેડા મોકલ્યા, કીધી નારીની સાર–અલી.૨

આશાજી એક અલ્લાહ ને બીજી રેહેમત, તમે છો બળવંત રાયજી;
બળવંત અમારા અલીવર ધણી, તે વઈકુંઠ કેરો રાય–અલી.૩

આશાજી એવો નર અમેજ લાવ્યા, તે કરવા ગતિયુંની ઊગારજી;
એણે નરે કલપ જુગ ઓધાર્યા, તે કરશે અમારો શાર–અલી.૪

આશાજી વાત અમારી સાંભળો હો નાથજી, એ સાચી તમારી વાણજી,
વચને બલિયા તમે છો નાથજી, તમે છો પ્રતિપાળ–અલી.૫

આશાજી અબળા નારીની તમે લાજ રાખજો, તમે છો અલી સુજાણજી,
નવ છૂગાની પાઘડી લાવ્યા, તે નારી તમારી નિરવાણ–અલી ૬

આશાજી સુઆગણ કરો મોરા નાથ, હું છઉં તમારો નારજી;
સેહેન લાવી મૌલા અમને વરજો, મૌલા કરો અમારી વાર–અલી ૭

આશાજી ત્રણ તેડા તમેજ મોકલ્યા, તેડાવી ઘરની નારજી,
વઈકુંઠના તમે છો રાજા, હું અબળા તમારી નાર–અલી.૮

આશાજી નારી તમારી હીરખસું હીરખ્યા, હીરખેસું કરે હરસું વાતજી;
વાત સાંભળો તમે મોરા નાથજી, જાન લાવી છૂડાવો અપરાધ–અલી.૯

આશાજી પીર હસન કબીરદ્દીન હીરખસું વીનવે, મૌલા કીધી તેની વારજી,
તે નારીના પાપ ભવો ભવ તણા, તે તોડાવ્યા તેણી વાર–અલી અનત.૧૦